IIT-Gnના 10 વર્ષના સેલિબ્રેશનમા પંકજ પટેલે કહ્યું...

# ‘દેશની પ્રગતિ, સંશોધન અને ઇનોવેશન માટે IIT અગ્રેસર’

## IIT સાથે જોડાયેલી યાદો પણ સ્ટુડન્ટ્સે શેર કરી

સિટી રિપોર્ટર cbamdavad@gmail.com

આઈઆઈટી ગાંધીનગરના 10 વર્ષનું સેલિબ્રેશન ગાંધીનગર કેમ્પસ ખાતે કરવામાં આવ્યું હતું, 10 વર્ષ પહેલા ચાંદખેડામાં પ્લાસ્ટિકના શેડમાં ટેમ્પરરી શરૂ થયેલી આઈઆઈટીના પાસઆઉટ સ્ટુડન્ટ,ફેકલ્ટી અને અન્ય સ્ટાફ મિત્રોએ આઈઆઈટી સાથે જોડાયેલી યાદગાર પળો વિશે વાત કરી હતી કાર્યક્રમમાં ચીફ ગેસ્ટ તરીકે આવેલા કેડિલા હેલ્થકેરના ચેરમેન પંકજ પટેલે વિદ્યાર્થીઓને કહ્યું કે, ‘ દેશને પ્રગતિ માટે સંશોધન અને ઈનોવેશનની જરૂર છે અને આ દિશામાં આઈઆઈટી પહેલેથી અગ્રેસર છે.’ આ અંગે વધુ વાત કરતા તેમણે કહ્યું કે, ‘ શિક્ષણમાં આપણી ભુલોમાંથી જ શીખીને આગળ વધવાનું હોય છે.સામાજિક સંશોધનને લઈને વિદ્યાર્થીઓમાં સંવેદનશીલતા અને જવાબદારીનું ભાન કરાવીને ઈન્ડિયાને આગળ લઈ જઈ શકાય.’ ઉલ્લેખનીય છે કે હાલ ગાંધીનગરના પાલજ ખાતે આવેલી આઈઆઈટી ગાંધીનગરનું કેમ્પસ પહેલા વીજીઈસી ચાંદખેડા ખાતે આવેલું હતું.

**Title:** ‘IIT leads in country’s growth, research and innovation’, Pankaj Patel said in IITGN 10 year celebration
**Source:** City Bhaskar (Pg. no. 02)
**Date:** 12/08/2018